લિપિ મને પૂછતી હતીઃ આ તુષા વળી કોણ છે? મેં જવાબ ન આપ્યો. એણે ફરી એ જ સવાલ પૂછ્યો. હું મૌન રહ્યો. કદાચ હું જવાબ વિચારતો હોઈશ કે શબ્દોમાં ગોઠવતો હોઈશ એમ માની એ પણ ચૂપ રહી. મારું મૌન જવાબ ન આપવાનું મારું વલણ છે એની ખાતરી થતાં એણે એનો એ પ્રશ્ન ભારપૂર્વક ફરી પૂછ્યો. મેં મૌન ટકાવી રાખ્યું.

એણે પૂછવાનું માંડી વાળ્યું અને આંખો ખેંચીને મારી સામે જોવા લાગી. એમ કરીને એણે જાણે તુષા કોણ છે એ પ્રશ્ન મારી સામે સ્થિર કરી દીધો. મેં મારી નજર દૂર લીમડાની એક ડાળી સુધી લંબાવી. તો લીમડા પર પણ જાણે એ જ પ્રશ્ન લટકતો હોય એવું લાગ્યું. મેં આંખો ખેસવી લીધી.

લિપિને પૂછ્યું : શું કહ્યું તમે?

તુષા કોણ છે?

લિપિને કેમ ખબર પડી કે તુષા કોઈક છે?

એ મારી ડાયરીની નાયિકા છે.

કે તારો ભૂતકાળ?

મેં હા કે ના કંઈ ન કહ્યું.

તેં ફરી જવાબ ન આપ્યો.

કહ્યું તો ખરું, એ મારી ડાયરીની નાયિકા છે.

આ તારો જવાબ નથી.

જવાબ તો છે, કદાચ તમારા માટે અધૂરો છે.

તો પૂરો કર.

મારી પાસે એથી વધારે કોઈ વિગત નથી.

તું મારાથી કશુંક છુપાવે છે.

એમ તો હું તમારાથી ઘણું છુપાવું છું.

અચ્છા? ક્યાં છે તારી ડાયરી?

કઈ ડાયરી?

કેમ? તેં હમણાં જ કહ્યુંને, તુષા તારી ડાયરીની નાયિકા છે. ક્યાં છે એ ડાયરી?

હું હસી પડ્યો.

મારી પાસે તે વળી ડાયરી કેવી!

તો આ તુષા?

ખરેખર તો ત્યાર પછી મને પણ લિપિને થયો હતો એવો પ્રશ્ન થયો કે તુષા કોણ છે? મારે લિપિને સંતોષ થાય એ માટે નહીં તો મને સંતોષ થાય એ ખાતર પણ તપાસ કરવી પડશે કે એ કોણ છે. ખરેખર મારી ન લખાયેલી ડાયરીની નાયિકા છે કે એથી વિશેષ છે? એથી ઓછી પણ હોય. કે છે જ નહીં? મેં એને ભરપૂર જોઈ છે. કદાચ જોઈ જ નથી. એવું પણ બને કે હું જે સ્ત્રીને જોવા માગતો હોઉં એનું નામ તુષા પાડી રાખ્યું હોય.

એને જ પૂછું: તું કોણ છે તુષા?

તું કોણ છે, તુષા? મારો અભાવ? મારો અંત? મારો વિષાદ? મારી મહત્ત્વાકાંક્ષા? મારાં હાડકાંનું પોલાણ? માત્ર હવા છે? આકાશ છે? ક્યાંક એવું તો નહીં બનેને કે એક સવારે સૂરજને બદલે તું જ ઊગે? તુષા, તું માત્ર એક સંબોધન છે. મેં મારું તમામ તને અર્પણ કરી દીધું છે. મારું વસિયતનામું પણ હું તારા નામે લખી જવાનો છું. મારા વિચારો, મારી એકલતા, મારી કલ્પના, મારો પ્રેમ, મારી વેદના, મારા દિવસો, આ ગામને ઘેરી વળેલી ટેકરીઓ, લીમડાના મૉરની સુગંધ અને મારું સમગ્ર હોવું અને ન

હોવું એમ બધું તને અર્પણ કરી દીધું છે. હું જીવું છું તે પણ તને શ્વસીને. મારા શ્વાસ, નિઃશ્વાસ તારામાં ભળે. મારું સ્મિત તારા હોઠ ઉપર. મારાં આંસુ તારી આંખોમાં. મારામાં વિચારો તું પ્રેરે. મારો સમય તું ભરે. મારી હથેળીની રેખા તું. ત્રણેય કાળરૂપે તું મારી સાથે અસ્તિત્વ ધરાવે છે. તું એટલી બધી વાસ્તવિક છે કે મને ભ્રમ જેવી લાગે છે. મારી આંગળીઓના ટેરવે જે સ્પર્શ છે એ પણ તું છે. તું તુષા છે. તું માત્ર તુષા છે અને તુષા સિવાય કશું જ નથી. હું તારે કારણે રડું, તારા માટે ઘેલાં કાઢું. જે અક્ષરો પાડું એનો અર્થ પણ તું. મારા ઉમળકા, મારી સાથે બનતી ઘટના, મારું એકાન્ત. તું જ મારો અંત.

હવે જો લિપિ મને તુષા વિશે પૂછશે તો એ સાંભળતાં થાકી જાય એટલો લાંબો જવાબ આપીશ. એ થાકીને મને ટગરટગર જોઈ રાખશે. મને તુષા આંખોની બીક નથી લાગતી એટલી બીક લિપિની આંખોની લાગે છે.

એની આંખથી હું કેવો દેખાતો હોઈશ?

અને હું આ ગામમાં આવી ચડ્યો. બેભાન અવસ્થામાં જ મને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. બેભાન થતાં પહેલાં હું વડ નીચે ઊભો હતો એટલું યાદ આવે છે. આંખ બંધ કરીને વિચારું છું ત્યારે વડ નીચે ઊભેલો દેખાઉં છું. ડૉક્ટરે રોગ પારખ્યો છે. એ રોગનું નામ કહેવા જતા હતા પણ મેં અટકાવી દીધા.

મારે જાણવું નથી.

એ કંઈ બોલ્યા નહીં. ડૉક્ટરે મને હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કર્યો પછી હું આ જ ગામમાં રહી ગયો. એક લીંપણવાળું ઘર પસંદ કરી એમાં રહું છું. ઘર ખાલી છે. અત્યારે રાત છે. હોલાવા આવેલા ફાનસનો ડગુમગુ પ્રકાશ છે. આ મારો વર્તમાન છે. વેરાન જગ્યામાં ચારે બાજુ સૂમસામ એકાન્ત ઊગી આવ્યું છે. મારું

હોવું જ મારી ક્રિયા છે. કશું જ કરવાનું નથી. માત્ર રાહ જોવાની છે. બધું સમાપ્ત કરી શકવાની શક્યતાવાળા અંતની. બે ક્ષણો વચ્ચેનો અફાટ અંતરાલ પૂરવા સતત મથતા રહેવાનું છે. એક ક્ષણથી બીજી ક્ષણ સુધી પહોંચવા મારી પાસે બીજું કોઈ સાધન નથી. કેવળ શબ્દો છે. ક્ષણક્ષણ વચ્ચેનો ખાલી દરિયો શબ્દોના સેતુ પરથી પાર કરીશ? સમયનું વિભાજન કર્યા વિના હું શબ્દોથી બાંધેલા સેતુ પરથી આગળ ધપતું મારું સૈન્ય જોયા કરીશ.

અહીં કોઈ ભવિષ્યકાળ નથી, ભૂતકાળ નથી, કોઈ વર્તમાન નથી. બધું જ અસ્પષ્ટ, ક્રમહીન અને સપાટ છે... છતાં મારા અનુસંધાને ઘણું બનતું હોવાનો ભ્રમ થાય છે. એટલી હદ સુધી કે પાછલી રાતે ક્યારેક ઘરની બારી ઊઘડી જાય ત્યારે ટેકરી પાછળ આથમી રહેલો ચન્દ્ર જોઈ મને થાય છે કે –

હું જાણે એક નથી. મારામાં એકસાથે અનેક વ્યક્તિઓ જીવતી હોય એવું લાગે છે, જાણે એક મોટું નગર મારી અંદર વસતું હોય. મારી અંદર વસતી કેટલીય વ્યક્તિઓના જંગલમાં હું ખોવાઈ ગયો છું. હવે તો એવું લાગે છે કે હું છું જ નહીં. છું તો માત્ર ભાવ છું – માત્ર કોઈ ભાવ.

હું બીજા કોઈની જિંદગી જીવતો હોઉં એવું લાગે છે. સમગ્ર જગતથી વિચ્છેદ અનુભવું છું. મારું અસ્તિત્વ ઊંડાં મૂળ નાખીને ઊગેલાં વૃક્ષો જેવું નથી. હું તો સમુદ્રના પાણીમાં અદ્ધર મૂળિયાં નાખી તર્યા કરતી કોઈ વનસ્પતિ જેવો છું. મારા જીવનમાં પણ ઘટનાઓ હતી એમ હું ડૉક્ટરને કે લિપિને કહું તો એ લોકો મારી વાત માને તો નહીં, હસી કાઢે. ડૉક્ટર તો કહે પણ ખરા, તારામાં ફરી ગાંડપણ ઊભરાવા લાગ્યું છે.

હું આ ગામમાં આવ્યો ત્યારે ડૉક્ટર અને લિપિ મને પાગલ જ માનતાં હતાં. શરૂઆતમાં મારી સાથે વાતચીત કરવાના એમના બધા પ્રયત્ન નિષ્ફળ નીવડ્યા ત્યારે એમણે જાતજાતનાં અનુમાન કર્યાં હતાં.

થોડા દિવસ પછી લિપિએ કહ્યું હતુંઃ

અમને લાગ્યું હતું કે કોઈ આઘાતજનક ઘટનાએ તારી વાચા હણી લીધી છે.

એ વખતે પણ લિપિની આંખોમાં છલોછલ કુતૂહલ ભર્યું હતું.

મેં એને પૂછ્યુંઃ મારા જીવનમાં કશુંક પણ બન્યું હશે એમ માનવાનો તમારો પ્રયત્ન મને સમજાતો નથી.

એણે જવાબ આપ્યો નહોતો. થોડી વાર મને જોતી રહી. પછી કહ્યુંઃ હવે તો તું પોતે તારા વિશે કશું કહે તો ઉપજાવી કાઢેલી વાત કહેતો હોય એવું લાગે.

લિપિનું નામ બીજું છે. ડૉક્ટર એને ‘સિસ્ટર’ કહીને સંબોધે છે. ચોકીદાર ‘બેન’ કહે છે. મેં મારા મનમાં એનું નામ લિપિ પાડ્યું. એક વાર એ એનું નામ જણાવવા જતી હતી. મેં એને રોકી.

તમારું નામ ગમે તે હોય. મારે માટે તમે લિપિ છો.

એ નવાઈભરી નજરે મને જોતી રહી.

લિપિ? મારું નામ તો –

લિપિ.

નારાજ થઈ ગઈ.

હું લિપિ નથી. તારે મારું નામ જાણવું ન હોય તો વાંધો નહીં પણ હું લિપિ તો નથી જ.

હું હસી પડ્યો.

તમે ગમે તે હો, મારા માટે તમે લિપિ જ છો.

તારી વાત મને સમજાતી નથી.

જુઓ, હું અહીં આવ્યો તે પહેલાં અને ત્યાર પછી તમે જે હો તે તમારું. હું તમારી સાથે હોઉં ત્યારે – મારા માટે તમે લિપિ. સમજાયું?